**વિખ્યાત હાસ્ય લેખક શ્રી વિનોદ ભટ્ટના નિધન અંગે શોક વ્યકત કરતા રાજયપાલશ્રી**

રાજભવન, ગાંધીનગર, તા. ૨૩/૦૫/૨૦૧૮

ગુજરાતના રાજયપાલ શ્રી ઓ. પી. કોહલીએ પ્રસિધ્ધ હાસ્ય લેખક શ્રી વિનોદ ભટ્ટના દુ:ખદ નિધન અંગે ઉંડા શોકની લાગણી વ્યકત કરી છે.

રાજયપાલશ્રીએ તેમના શોક સંદેશમાં જણાવ્યું છે કે સ્વર્ગસ્થ શ્રી વિનોદ ભટ્ટે ગુજરાતી સાહિત્યમાં અનન્ય પ્રદાન કર્યું હતું. તેમણે હાસ્ય, પ્રહસન, આત્મકથા સાહિત્ય વગેરે વિષયો પર ૪૫ જેટલાં પુસ્તકો લખ્યાં હતાં. શ્રી ભટ્ટને પ્રતિષ્ઠિત રણજિતરામ સુવર્ણ ચંદ્રક, સંસ્કાર ચંદ્રક, ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા ગૌરવ પુરસ્કાર સહિત અન્ય પુરસ્કારોથી નવાજવામાં આવ્યા હતા. તેમના નિધનથી ગુજરાતી સાહિત્ય જગતને ના પૂરી શકાય તેવી ખોટ પડી છે.

----------